# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-07-2025 Day: Wedneday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M. આજે બ્રિટનના પ્રવાસે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિટનના પ્રવાસે જશે. બે દિવસના પ્રવાસ દરમિયાન તેઓ બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મર સાથે ચર્ચા કરશે. તેમજ કિન્ગ ચાર્લ્સ ત્રીજા સાથે મુલાકાત કરશે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં પત્રકારોને કહ્યું, પ્રધાનમંત્રી મોદી ભારત અને બ્રિટનના દિગ્ગજ ઉદ્યોગપતિઓ સાથે પણ સંવાદ કરશે. તેમણે કહ્યું, શ્રી મોદીનો બ્રિટનનો આ ચોથો પ્રવાસ હશે.**

**પ્રધાનમંત્રી પ્રવાસના બીજા તબક્કામાં માલદીવના રાષ્ટ્રપ્રમુખ ડૉક્ટર મોહમ્મદ મુઈઝ્ઝૂના નિમંત્રણ પર શુક્રવારથી શનિવાર સુધી માલદીવનો રાજકીય પ્રવાસ કરશે. વિદેશ સચિવા કહ્યું, પ્રધાનમંત્રી શનિવારે માલદીવના સ્વતંત્રતાની 60-મી વર્ષગાંઠ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રીનો માલદીવનો આ ત્રીજો પ્રવાસ હશે. દરમિયાન શ્રી મોદી શ્રી મુઈઝ્ઝૂ સાથે બેઠક યોજશે અને માળખાગત પરિયોજનાઓનું લોકાર્પણ કરશે.**

**--------------------------------------------------------------------------------------------**

## ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું રાજીનામું સ્વિકારવામાં આવ્યું

**ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું છે. જગદીપ ધનખડે ગઈકાલે તબિયતનું કારણ આપીને ઉપ-રાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને લખેલા પત્રમાં તેમણે કહ્યું, આરોગ્યને પ્રાથમિકતા આપવા અને તબીબી સલાહનું પાલન કરવા તેમણે તાત્કાલિક અસરથી રાજીનામું આપ્યું છે. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રપતિના સહકાર બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો.**

---

## સંસદના બન્ને ગૃહો દિવસભર માટે સ્થગિત રહ્યા

**સંસદના બંને ગૃહમાં વિપક્ષના હોબાળાના કારણે ગઇકાલે કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. બંને ગૃહની કાર્યવાહી નિર્ધારિત સમયથી પહેલા જ દિવસભર માટે સ્થગિત કરવામાં આવી. વિરોધ પક્ષના દળો ઑપરેશન સિંદૂર, બિહારમાં વિશેષ સઘન સમીક્ષા પહેલ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ કરી રહ્યા હતા.**

---

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે નામાંકન

**પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે નામાંકનની છેલ્લી તારીખ 15 ઑગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. રાષ્ટ્રીય પુરસ્કાર પૉર્ટલ પર અરજી કરવાની પ્રક્રિયા પહેલી એપ્રિલથી શરૂ થઈ હતી.**

**આ પુરસ્કાર બહાદુરી, સમાજ સેવા, પર્યાવરણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ તથા વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તર પર ઓળખને પાત્ર બાળકોને અપાય છે. પાંચ વર્ષથી વધુ અને 18 વર્ષથી ઓછી વયના કોઈ પણ બાળકોને આ પુરસ્કાર મળી શકે છે.**

---

## નવનિયુક્ત શિક્ષણ સહાયકોને નિમણૂક હુકમ

**ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ પ્રેરિત અને કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજ દ્વારા આવતીકાલે જિલ્લા મથક ભુજની ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ ખાતે કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓના નવ નિયુક્ત શિક્ષણ સહાયકોને નિમણુક હુકમ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાશે. તેવું યાદીમાં જણાવાયું છે.**

---

## 500 ડ્રોપ આઉટ કુમાર કન્યાઓને શાળા પ્રવેશોત્સવ

જિલ્લા કચ્છ કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને કચ્છના વિવિધ વિસ્તારના ૫૦૦ ડ્રોપ આઉટ કુમાર - કન્યાઓને કચ્છ મહિલા વિકાસ સંગઠન આયોજિત વિદ્યાનંદની કાર્યક્રમમાં ભુજની આર.ડી. વરસાણી હાઇસ્કૂલ ખાતે શાળા પ્રવેશ આપવામાં આવશે તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

ભૂકંપ

કચ્છમાં ભૂકંપના આંચકા વધી રહ્યા છે. ખાવડા ખાતે કંપન અનુભવાયા બાદ હવે ધોળાવીરા નજીક મંગળવારે રાત્રે 10:21 મિનિટે 3.6 ની તીવ્રતાનો આચંકો નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ધોળાવીરાથી 98 કિ.મી. દૂર હતું. સતત આવતા આંચકા ચિંતાજનક બાબત છે.

---------------------------------------------------------------------------------------------------

વાવણી

હાલમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદે વિરામ લીધો છે તેવામાં  ધરતીપુત્રો નિંદામણ, વિખેડા, દવા છંટકાવ સહિતના કામોમાં જોતરાયા છે. જિલ્લામાં સચરાચર વરસાદથી કપિત જમીનોમાં 70થી 80 ટકા વાવણી થઈ ગઈ છે. જેમાં મગફળી, મગ, જુવાર, ગુવાર સહિતના પાકોનું વાવેતર થયું છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, કાંઠાળ વિસ્તારમાં મગફળીનું વાવેતર વધારે પ્રમાણમાં થયું છે, જેમાં સમયસર વરસાદ થતાં ફાયદો થયો છે. હાલ પિયત જમીનોમાં વાવણી ચાલુ છે. આ કામ પૂર્ણ થતાં સારો વરસાદ આવે તો પાક 70થી 80 ટકા જેટલો થઈ જાય તેવી આશા સાથે ખેડૂતો ખેતરોમાં વ્યસ્ત બન્યા છે.

---------------------------------------------------------------------------------------------------

ક્રિકેટ

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પ્રવર્તમાન પાંચ ટેસ્ટ મેચની શ્રેણીની ચોથી મેચ આજે માન્ચેસ્ટર ખાતે શરૂ થશે. ઇંગ્લેન્ડ બે વિરુદ્ધ એક મેચ સાથે સરસાઇ ધરાવે છે મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

---